# સતત વરસાદને પગલે જોખમી પરિસ્થિતિ, પરંતુ તંત્ર ક્યારે જાગશે ?

## જોખમી રીતે નમી પડેલા વૃક્ષો-વિજ થાંભલા, ઠેર ઠેર ભૂવાઓ અને તુટેલી ગટરો, પાણીના ભરાવા છતાં પાટનગરનું તંત્ર ઘોર નિંદ્રામાં

ગાંધીનગર, તા. ૨૪
ગાંધીનગરમાં ચોતરફ વરસાદી માહોલ છવાઈ ગયો છે. જેના પગલે શહેરમાં અનેક ઠેકાણે રસ્તા તુટી જવા, ખાડા પડી જવા, ભૂવા પડી જવા, વૃક્ષો પડી જવા કે નમી પડવા, વીજળીના થાંભલા નમી જવા, ગટરોના મેન હોલ બેસી જવા તેમજ પાણીનો ભરાવો થવા જેવી સમસ્યાઓની લંગાર લાગી છે. હજુ પણ શહેરમાં વધુ વરસાદ થવાની આગાહી છે તેમજ આખેઆખુ ચોમાસુ શેષ છે ત્યારે તંત્ર દ્વારા આ પ્રકારની જોખમી પરિસ્થિતિનો તાગ મેળવી કુંભકર્ણની નિંદ્રા ખંખેરી તાત્કાલિક અસરકારક પગલાં ભરવામાં આવે તે અત્રે જરૂરી જણાય છે.




શહેરમાં અનેક ઠેકાણે વૃક્ષોના ટ્રિમીંગ નથી કરાયા જેના પગલે અઢળક વૃક્ષો જોખમી હાલતમાં છે. ચોમાસાના પ્રથમ રાઉન્ડમાં જ અનેક વૃક્ષો ધરાશાયી થવા પામ્યાં છે જ્યારે હજુ અનેક વૃક્ષો પડી જવાની ભીતિ પ્રદર્શિત કરી રહ્યાં છે. સત્વરે તંત્ર દ્વારા આ વૃક્ષોનું ટ્રિમિંગ કરવુ કે સપોર્ટ પુરો પાડવા જેવા પગલાં લેવાની તાતી જરૂરિયાત જણાય છે. આજ રીતે શહેરમાં ઘણા ઈલેક્ટ્રિક પોલની સ્થિતિ પણ અત્યંત જોખમી જોવા મળી રહી છે. જ્યારે કેટલાક વિજપોલમાંથી ખુલ્લા વાયરો કોઈનો ભોગ લેવાની ફિરાકમાં જણાઈ રહ્યાં છે. વરસાદના પગલે જમીન બેસી જવાથી વૃક્ષો તથા વીજળીના થાંભલા નમી પડેલા જોવા મળી રહ્યાં છે. ભેજવાળા વાતાવરણમાં ઈલેક્ટ્રીક થાંભલા પરથી વિજકરંટ લાગવાની ભીતિ સેવાઈ રહી છે. જેને પગલે તંત્રએ સત્વરે આ પ્રકારના થાંભલાનો ક્યાસ કાઢી સલામતીના જરૂરી પગલા લેવાની જરૂર છે.



વરસાદી પાણીના કારણે અનેક સ્થળે ભૂવા પડવા તથા અગાઉ ખોદકામ કર્યુ હોય તેવા સ્થળોએ નબળા પુરાણના કારણે માટી બેસી જવાની સ્થિતિ જોવા મળી રહી છે. આ પ્રકારની જગ્યાઓ રાહદારીઓ તથા વાહનચાલકો માટે પણ જોખમી છે. જેને કારણે સત્વરે ભુવા તથા માટી બેસી ગયેલી જગ્યાઓ પર યોગ્ય પુરાણ કરવુ જોઈએ. એજ રીતે મુખ્ય માર્ગો પર અનેક જગ્યાએ ગટરલાઈનના ઢાંકણ બેસી જવાની કે તુટી જવાની સ્થિતિ પણ જોવા મળી રહી છે. જાગૃત નાગરિકો દ્વારા આવી ગટર ચેમ્બરો પર ઝાડની ડાળીઓ લગાડી આડશ તથા વાહનચાલકો-રાહદારીઓ માટે ચેતવણીરૂપ સંજ્ઞા ઉભી કરવા કોશિષ કરાયેલી જોવા મળે છે. પરંતુ તંત્રએ સત્વરે આ પ્રકારની જોખમી ગટરોનું સમારકામ હાથ ધરવુ જરૂરી બન્યું છે. આ ઉપરાંત શહેરના સેક્ટરોમાં ખુલ્લા પ્લોટોમાં ભરાતા વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય અથવા મોટા ખાબોચિયાં કે ખાડાઓમાં રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ ના થાય તે માટે દવાનો છંટકાવ કરવા જેવા પગલાં લેવાની તાતી જરૂર છે. આમ છતાં વરસાદી માહોલમાં નિંભર નિંદ્રા ભોગવી રહેલુ તંત્ર સત્વરે હરકતમાં આવે અને પ્રજાની સુરક્ષા-સુખાકારી માટે પગલા ભરે તેવી શહેરના નાગરિકોમાં માંગ ઉઠવા પામી રહી છે.



શહેરમાં ભારે વરસાદ દરમિયાન ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થયા હતા. સે. ૮ના રહેણાંક વિસ્તારમાં એક કાર ઉપર ગટરલાઈનની પાઈપ પડતા કારને નુકશાન થયુ હતુ.

## શહેરમાં વરસાદી મોસમમાં મકાઈ ડોડાની બોલબાલા

ગાંધીનગર, તા. ૨૪
ગાંધીનગર શહેરમાં વરસી રહેલા વરસાદમાં મકાઈ ડોડાની બોલબાલા વધી જવા પામી છે. શહેરમાં ઠેરઠેર મકાઈની લારીઓ લઈને ઉભા રહેલા વેપારીઓને ત્યાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે બજારમાં અમેરીકન મકાઈ પણ રૂ. ૨૦ માં કિલોના ભાવે મળે છે.



ત્યારે બજારમાં શેકેલી મકાઈના ડોડાનો ભાવ રૂ. ૨૦ છે. જેથી લારીઓ વાળા પણ મકાઈ ખાવા આવતા ગ્રાહકોને વરસાદી મૌસમનો લાભ લઈ લુંટી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. છુટક મકાઈના વેચાણમાં અને બજારના ભાવમાં આસમાન જમીન જેટલો તફાવત નજરે પડી રહ્યો છે. જેને પગલે શિક્ષિત નગરજનો પણ બજારમાંથી કિલોના ભાવે મકાઈ ડોડા ખરીદીને ઘરે લાવીને શેકીને મકાઈ ખાવાનો આનંદ માણે છે. જયારે બાફેલી મકાઈ અને બટર મકાઈના નામે તો ગ્રાહકો રીતસરના છેતરાઈ જાય છે. છતા પણ ધોળાકુવા સર્કલથી કોબા સર્કલ સુધી અંદાજીત ૨૦ થી વધુ મકાઈની ઉભી રહેતી લારીઓ પર યુવા વર્ગની ભારે ભીડ લાગી હોય છે. ત્યારે વરસાદી મૌસમમાં નગરના ચટુકડા નગરજનો મસાલેદાર ચટાકેદાર સ્વાદિષ્ટ મકાઈ વરસાદમાં ભીંજાઈને ખાવાનો અનેરો આનંદ લઈ રહ્યા છે. ત્યારે શહેરમાં સતત વરસી રહેલા વરસાદમાં નગરના સર્કલો પર મકાઈ લઈને ઉભા રહેલા વેપારીઓની પણ બોલબાલા વધી જવા પામી છે.

# માણસામાં ૨૪ કલાકમાં ચાર ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૨૪
ગાંધીનગર જિલ્લામાં તા. ૨૪મી જુલાઈના રોજ સવારના ૬ થી સાંજના ૪ કલાક દરમિયાન સરેરાશ ૩ ઈંચ જેટલો વરસાદ થયો છે. જેમાં આજના દિવસમાં સાંજના ૪.૦૦ કલાક સુધીમાં સૌથી વધુ વરસાદ માણસા તાલુકામાં ૯૪ મી.મી. નોંધાયો છે. સૌથી ઓછો વરસાદ દહેગામ તાલુકામાં ૬૯ મી.મી નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લામાં ગઈકાલ રાતથી સાંબેલાધાર વરસાદ ચાલુ થઈ ગયો છે. ગાંધીનગર જિલ્લામાં આજે સવારના ૬.૦૦ થી સાંજના ૪.૦૦ કલાક દરમ્યાન સારો વરસાદ નોંધાયો છે. જેમાં દહેગામ તાલુકામાં ૬૯ મી.મી એટલે કે પોણા ત્રણ ઈંચ જેટલો વરસાદ થયો છે. તેમજ ગાંધીનગર તાલુકામાં ૭૦ મી.મી, કલોલ તાલુકામાં ૭૪ મી.મી. અને માણસામાં ૯૪ મી.મી. વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લામાં સીઝનના આરંભ થયેલા વરસાદથી આજે સાંજના – ૪.૦૦ કલાક સુધીમાં સૌથી વધુ વરસાદ કલોલ તાલુકામાં ૮૮૬ મી.મી વરસાદ નોંધાયો છે. તે ઉપરાંત ગાંધીનગર તાલુકામાં ૪૪૫ મી.મી, દહેગામ તાલુકામાં ૫૪૭ મી.મી અને માણસા તાલુકામાં ૫૮૫ મી.મી વરસાદ નોંધાયો છે.

## પ્રદેશ કોંગ્રેસની આજે મહત્ત્વની બેઠક રાજ્યસભાના ઉમેદવારોની ચર્ચા

અમદાવાદ, તા. ૨૪
ગુજરાત કોંગ્રેસમાંથી વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલાએ પક્ષ સાથેનો છેડો ફાડયા બાદ આવતીકાલે પ્રદેશ કોંગ્રેસની મહત્વની કારોબારીની બેઠક મળવા જઈ રહી છે. આવતીકાલે મળનારી કારોબારીની બેઠકમાં કોંગ્રેસના રાષ્ટ્રીય સલાહકાર એહમદ પટેલ અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત પણ ખાસ હાજરી આપશે.

એહમદ પટેલ અને અશોક ગેહલોત કોંગ્રેસના તમામ ધારાસભ્યો સાથે પણ આવતીકાલે મહત્વની બેઠક યોજશે. જેમાં રાજયસભાની બેઠકની આગામીને ચૂંટણીને લઈ ધારાસભ્યોને ખાસ સૂચના અપાય તેવી શકયતા છે. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ પક્ષ દ્વારા રાજયસભાની બેઠક માટે એહમદ પટેલને રિપીટ કરાયા છે. બાપુએ કોંગ્રેસ પક્ષ સાથે છેડો ફાડયા બાદ હવે ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીઓને લઈ જરૂરી વ્યૂહરચના ઘડવા, ચૂંટણીમાં કોંગ્રેસની જવલંત જીત માટે કયા પ્રકારની રણનીતિ ઘડવી, બાપુની ગેરહાજરીમાં હવે કઈ રીતે નક્કર યોજના અને ચૂંટણી પ્રચાર-પ્રસારની રણનીતિ સાથે આગળ વધવુ સહિતના મુદ્દાઓને લઈ આવતીકાલે સવારે ૧૧-૦૦ વાગ્યે પ્રદેશ કોંગ્રેસની કારોબારીની મહત્વની બેઠક રાજીવગાંધી ભવન, પાલડી ખાતે મળશે. બેઠકમાં મુખ્ય મુદ્દો વિધાનસભા ચૂંટણીનો રહેશે પરંતુ સાથે સાથે શંકરસિંહની ગેરહાજરીમાં કઈ રીતે હવે ચૂંટણીની કમાન સંભાળી આગળ વધવુ તે મુદ્દો પણ અગ્રતાક્રમે હશે.

## રાજયના ૨૦૩ જળાશયો પૈકી ૪૦ હાઈ એલર્ટ

ગાંધીનગર, તા. ૨૪
રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૨૪/૭/૧૭ના રોજ સવારે ૮-૦૦ કલાકે પૂરા થતા ચોવીસ કલાક દરમિયાન વ્યાપક વરસાદના કારણે રાજ્યના ૨૦૩ જળાશયો પૈકી ૪૦ જળાશયો હાઈએલર્ટ તેમજ ૧૨ જળાશયો એલર્ટ જાહેર કરાયા છે. રાજ્યના ૨૦૩ જળાશયોના પાણી સંગ્રહની ક્ષમતા ૧૫૭૭૦.૩૯ મિલીયન ક્યુબીક મીટર પૈકી હાલ ૭૨૪૫.૫૯ મીલીયન ક્યુબીક મીટર પાણીનો સંગ્રહ થયો છે.

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા યોજના સરદાર સરોવર ડેમ ૧૧૭.૭૮ મીટરની સપાટીએ પહોંચ્યો છે. આ સાથે સરદાર સરોવર ડેમ ૮૭.૩૧ ટકા જેટલો ભરાયો છે. રાજ્યના જે જળાશયો ૯૦ ટકાથી વધુ ભરાયા છે. તેમાં ધ્રોલી, મછાનલ, કબુતરી, ઉમરીયા, કાલી-૨, સાનાન્દ્રો, ફતેહગઢ, ગજાનસાર, મીત્તી, વડિયા, સસોઈ, વર્તુ-૧, પુના, રૂપારેલ, કનકાવતી, સાપડા, સોનમતી, વેરાડી, કાબરકા, સોરઠી, મચ્છુ-૨, મચ્છુ-૧, લાલપરી, ઘોડાધોરી, ખોડાપીપર, ડેમી-૧, ઘેલો-એસ, ફદનગેવરી, ધારી, ધોળીધજા, ફાલકુ, નીમબની, બ્રહ્માણી, લીંબભોગાવો-૧, માર્શલ, સબુરી, ત્રિવેણીથંગા, વેરાડી, મીનસર(વ) મળી કુલ ૪૦ જળાશયો હાઈ એલર્ટ જાહેર કરાયા છે.

આ ઉપરાંત સંન્ક્રોલી, ઉન્ડ-૧, સાની, ઉન્ડ-૨, રંગમતી, ડેમી-૨, આજી-૩, ન્યારી-૨, આજી-૧, ડેમી-૨, સુખભાદર, નાયકા મળી કુલ ૧૨ ડેમને એલર્ટ તથા અન્ય ૧૨ ડેમોને ચેતવણી આપવામાં આવી છે.

# નર્મદા મહોત્સવ-હેરીટેજ કાર્યક્રમ મોકૂફ કરી દેવાયા

અમદાવાદ, તા. ૨૪
રાજ્યમાં ભારે વરસાદને પગલે સર્જાયેલી પરિસ્થિતિ તેમજ હવામાન વિભાગ તરફથી આગામી ત્રણ દિવસ હજુ ભારેથી અતિભારે વરસાદ અંગે કરવામાં આવેલી જાહેરાત બાદ રાજ્યના મુખ્યમંત્રી દ્વારા રાજયમાં યોજાનારા નર્મદા મહોત્સવ તેમજ અમદાવાદમાં યોજાનારા હેરીટેજ સમારોહને મોકૂફ રાખવાની જાહેરાત કરી છે. રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે પુરથી પ્રભાવિત અને અસરગ્રસ્ત એવા બનાસકાંઠા જિલ્લાની મુલાકાત લેતા અગાઉ સ્ટેટ ઈમરજન્સી કંટ્રોલરૂમની મુલાકાત લીધી હતી. બાદમાં તેમણે કહ્યુ કે, રાજસ્થાનમાં સર્જાયેલી પુરની પરિસ્થિતિ બાદ છોડવામાં આવી રહેલા પાણી, રાજયમાં ભારે વરસાદને પરિણામે રાજયમાં અતિવૃષ્ટી જેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યુ છે. બનાસકાંઠા જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોના નિરક્ષણ માટે રવાના થતા અગાઉ તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યુ કે, સરકારે પરિસ્થિતિને પહોંચી વળવા તમામ તકેદારીના પગલા ભર્યા છે. બનાસકાંઠાના પ્રભાવિત વિસ્તારોમાં એનડીઆરએફ અને બીએસએફ દ્વારા રેસ્કયુ ઓપરેશન કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ સરકાર સતત સંપર્કમાં છે તેમજ તેમના સુધી તમામ વિગતો પહોંચાડવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર જરૂરી એવી તમામ મદદ કરશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કરતા કહ્યુ કે, રાજયમાં નર્મદા મહોત્સવની ઉજવણી હાલની પરિસ્થિતિને જોતા મોકૂફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેની તારીખ હવે પછીથી જાહેર કરવામાં આવશે. અમદાવાદ શહેરને હેરીટેજ સીટીનો દરજ્જો મળવા સંદર્ભમાં આયોજિત કરવામાં આવેલા હેરીટેજ સમારોહને પણ હવે પછી છઠ્ઠી ઓગસ્ટથી શરૂ કરવામાં આવશે. બીજી તરફ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આવતીકાલે મંગળવારના રોજ યોજાનારી સામાન્ય માસિક સભા મુલ્ત્વી રાખવામાં આવી છે. જે હવે પછી ૨૮ જુલાઈના રોજ મળશે.

## હજુ ત્રણ દિવસ વરસાદી આફત યથાવત રહી શકે

**ભારે વરસાદની આગાહીના લીધે તંત્ર સંપૂર્ણપણે સાવધાન ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પહેલાથી જ હાલત કફોડી**

અમદાવાદ, તા. ૨૪
રાજયના હવામાન વિભાગ દ્વારા સમગ્ર ગુજરાત રાજયમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજયના કેટલાક વિસ્તારોમાં અતિ ભારે વરસાદની શકયતા પણ વ્યકત કરાઈ છે. હવામાન ખાતાની આગામી ત્રણ દિવસ દરમ્યાન ભારે વરસાદની આગાહીને પગલે આજે રાજય સરકાર દ્વારા રાજયના તમામ જિલ્લા કલેકટરો અને સંબંધિત અધિકારીઓને એલર્ટ પર રહેવાની સૂચના આપી દેવામાં આવી છે. તો સાથે સાથે પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી માટેના તમામ અસરકારક પગલાં લેવા પણ તાકીદ કરાઈ છે. બીજી બાજુ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ પુરની પરિસ્થિતિને લઈને સક્રિય થયેલા છે. વિજય રૂપાણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પણ સંપર્કમાં છે. અસરગ્રસ્તો સુધી સહાય પહોંચાડવાના પ્રયાસ થઈ રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં હાલમાં સ્થિતિ કફોડી બનેલી છે. સૌરાષ્ટ્રમાં પણ આવી હાલત છે.

**''ગીર'' ફાઉન્ડેશન, ગાંધીનગર**

**વન, પર્યાવરણ તેમજ વન્યજીવો વિષે બહોળો અનુભવ ધરાવતા તજજ્ઞ લેવા બાબત.**

''ગીર'' ફાઉન્ડેશન, ગાંધીનગરની કચેરી સરકારશ્રીના અનુદાનથી ચાલતી સ્વાયત્ત સંસ્થા છે. જેમાં પર્યાવરણ અને વન્યજીવોનું રક્ષણ થાય તેવા દૂરગામી પરિણામો મળે તે મુખ્ય હેતુ છે. પર્યાવરણ અને વન્યજીવો અંગે લોકોમાં જાગૃતિ આવે અને ઉત્તમ જ્ઞાન મળે તે માટે અવાર-નવાર વિવિધ સાહિત્ય પણ પ્રકાશિત કરવામાં આવે છે. આ સાહિત્યની કામગીરી વધુ સારી રીતે થાય તે માટે અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષાઓ પર પ્રભુત્વ ધરાવતા હોય અને વન, પર્યાવરણ તેમજ વન્યજીવો વિષે બહોળો અનુભવ તથા તાંત્રિક જ્ઞાન ધરાવતા હોય તેવા અનુભવી તજજ્ઞ / વ્યક્તિની જરૂરીયાત હોઈ જે કોઈ રસા ધરાવતી વ્યક્તિ / સંસ્થાએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી અત્રેની કચેરીએ રૂબરૂ આવી દિન-૭માં નિયત ફોર્મ મેળવી, જરૂરી વિગતો ભરીને સદરહુ ફોર્મ રૂબરૂ અથવા આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી દિન-૫માં નીચેના સરનામે મોકલી આપવાના રહેશે. ત્યારબાદ યોગ્ય ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે.

સરનામું : ''ગીર'' ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, સેક્ટર-૭ 'જ' રોડ, ગાંધીનગર-૩૮૨૦૦૭ ફોન નં : (૦૭૯) ૨૩૯૭૭૩૦૦/૩૧૧

નાયબ નિયામક, આર.એન્ડ ડી., ''ગીર'' ફાન્ડેશન, ગાંધીનગર

માહિતી/૧૧૪૮/૧૭-૧૮

